હાર્મોનિયમની કાળી-સફેદ ચાપ પર એક અવાજ સૂર મેળવી રહ્યો છે, તેની આંખોમાં ચમક છે, ગાતા સમયે શરીર પર પરસેવો કોઈ પહાડ પરથી નદી નીકળે તેમ વહી રહ્યો છે, તેના સૂરમાં ભાષા, શબ્દ, સરહદ, સાંભળનારા વહી રહ્યા છે, સુખ-દુઃખ, પીડા-પ્રેમ આ તમામ ભાવનો અનુભવ ગાયક કરાવે છે. પોતે એટલો મસ્ત કલંદર બની ગઈ રહ્યો છે કે આ બધું તેને ગોરખ ધંધો લાગે છે. એ ગાયક બે હાથ ઉપર કરીને જ્યારે પોતે જૂમવા લાગે છે ત્યારે સંગીતનો ઉદ્ભવ સાર્થક લાગવા લાગે છે. ૪ જણનું આ ગ્રુપ પોતાની નિયત ગતિથી ચાલતા બ્રહ્માંડ જેવું લાગે અને વચ્ચે બેઠેલો સૂર્ય જેવો લાગતો માણસ જેને લોકો શહેનશાહ એ કવ્વાલી ઉસ્તાદ નુસરત ફતેહ અલી ખાન તરીકે ઓળખે છે.

શહેનશાહ-એ-કવ્વાલી ઉસ્તાદ નુસરત ફતેહ અલી ખાન

પરવેઝમાંથી નુસરતનો જન્મ

600 વર્ષથી સંગીત સાથે જ સંકળાયેલા પરિવારમાં જન્મ થવાથી તેમના વાતાવરણ અને વારસા બંનેમાં સંગીત હતું પણ ઉસ્તાદના પપ્પા ગાયક ફતેહ અલીખાન એમને ડૉક્ટર બનાવવા માગતા, કારણ કે તે સમયે કવ્વાલ ગાયકોની આર્થિક પરિસ્થિતિ ઠીકઠાક હતી, પણ તેમને સમય સાથે સમજાઈ ગયું કે પરવેઝ ખાન સંગીતનો નુસરત (વિજય) થશે અને તાલીમ શરુ થઇ, તબલા અને હાર્મોનિયમ, કવ્વાલીના ખ્યાલ શીખવા લાગ્યા, પણ આ તાલીમ ચાલુ હતી ત્યારે ઉસ્તાદ ફતેહ અલીખાનનું મૃત્યુ થયું 1964, નુસરતની ઉંમર 14 વર્ષની, તાલીમ હજી અધુરી હતી. ગ્રુપમાં મુખ્ય ગાયકની જગ્યા ખાલી પડી અને રિવાજ મુજબ 40 દિવસ પછી થતા જલસામાં પહેલી વાર નુસરત સાહેબે માર્ચ 1965માં 'મુજાહીદ મુબારક અલી ખાન | પાર્ટી'ના સાથે લોકો સાથે ગાયકી રજૂ કરી. હવે તેમના ઉસ્તાદ બન્યા કાકા મુબારક અલી ખાન, 1971માં ઉસ્તાદ મુબારક અલી ખાનનું પણ મૃત્યુ થયું અને પછી કવ્વાલ બેન્ડમાં મુખ્ય ગાયક બન્યા. શરૂ થયો સંગીતનો એનો સૂર જે તેના મૃત્યુના 30 વર્ષ પછી પણ સાંભળવા મળે છે.

લેજન્ડ

અંધારામાં રહેલો રેકોર્ડ 'ચેઇન ઓફ લાઇટ'

આલ્બમ 'ચેઇન ઓફ લાઈટ'નું મળવું અંધારી રાતમાં તારાઓની ઝગમગ થતી રોશની દેખાવા જેટલું જ સુખદ છે. જ્યારે ઉસ્તાદે 1985માં પર્ફોર્મ કરી વેસ્ટર્ન વર્લ્ડમાં લોકોના કાનને કવ્વાલી સંભળાવી તેનું ઘેલું લગાડ્યું ત્યાર બાદ રિયલ વર્લ્ડ રેકોર્ડમાં તે સમયના શ્રેષ્ઠ મ્યુઝિશ્યન પીટર ગેબ્રિયલ અને માઇકલ બ્રૂક્સ સાથે મળી 2 આલ્બમ તૈયાર કર્યા, તે પહેલા તેમણે 1989માં અમુક ગીતો રેકોર્ડ કર્યા હતા જે પાછલા 34 વર્ષથી સ્ટુડિયોના સ્ટોર રૂમમાં હતા. 2021માં તેમને આ રેકોર્ડિંગ્સ મળ્યા! આમ આ ખોવાયેલી રેકોર્ડિંગ્સ હવે આપણને સાંભળવા મળવાની છે 20 સપ્ટેમ્બરે, આ રેકોર્ડિંગ ઘણા બધા કારણોસર મહત્વની છે. એમ તો ઉસ્તાદના નિધન બાદ એમના ઘણાં ગીતો સાંભળવા મળ્યા પણ આ આલ્બમ અલગ છે, 1990 બાદ જ્યારે નુસરત ખાન કવ્વાલીને વેસ્ટર્ન રંગ આપી તેને અલગ જ રીતે રજૂ કરી અને લોકો તેને જે રીતે સાંભળવા લાગ્યા તેની શરૂઆત આ આલ્બમથી થઇ હતી, 1985 womad ફેસ્ટીવલમાં પીટર ગેબ્રિયલને મળ્યા, માર્ટિન સોરસેસીની ફિલ્મો અને બોલીવુડમાં ગાવા લાગેલા ઉસ્તાદ નુસરત ખાનમા કવ્વાલી ગાયકીથી અલગ ક્લાસિકલ રાગમાં વેસ્ટર્ન મ્યુઝિક ઉમેરાયું. જોરજોરમાં ગવાતી કવ્વાલીથી સાવ વિરુદ્ધ આ વેસ્ટર્ન ગાયકીની તાલીમનો રિયાઝ કર્યો. તેમના 'મસ્ત-મસ્ત' કે 'નાઈટ' આલ્બમને સાંભળશો ત્યારે આ તાલીમની અસર સાંભળવા મળશે, સાથે સાંભળવા મળશે ગઝલ, તબલા, ઈલેક્ટ્રોનાક ગિટારનો અદ્ભુત સંગમ. આ આલ્બમમાં તેમની સાથે બીજા 8 લોકો સામેલ છે. કોણ છે આ આલ્બમમાં? નુસરત ફતેહ અલી ખાન, ફારુખ ફતેહ અલી ખાન, દિલદાર હુસૈન, મુજાહિદ અલી, રહેમત અલી, રાહત અલી (એ જ જેને અત્યારે રાહત ફતેહ અલી ખાન તરીકે જાણો છો) અસદ અલી, ગુલામ ફરીદ, ખાલિદ મહમૂદ. જેને નુસરત સાબ પંજાબી, ઉર્દુ અને પર્શ્યન આ ત્રણેય ભાષાની કવ્વાલીઓ આ આલ્બમમાં છે.

શહેનશાહ-એ-કવ્વાલી

સંગીતનો એક ભવ્ય વારસો પાકિસ્તાનમાં રહેલો છે, મહેંદી હસન, બેગમ નૂર જહાં, ગુલામ અલી, આબીદા પરવીન જેવા નામોમાં ઉસ્તાદ નુસરત ફતેહ અલી ખાનનું નામ એક અદબ સાથે લેવાય છે. આ કલાકારોના ગીતો કોઈ સરહદ સુધી સીમિત નથી રહ્યા; કદાચ એટલે જ 30 વર્ષ બાદ નુસરત ફતેહ અલી ખન્નો સંગીત આલ્બમ રિલીઝ થવા જઈ રહ્યો છે ત્યારે આપણે તેમના જીવન, સંગીતને જાણવા સાંભળવા હજીયે આતુર છે. વિશ્વનો એક દ્રષ્ટિકોણ એવો પણ છે જ્યાં ભારત, પાકિસ્તાન, બાંગલાદેશને અલગ અલગ નહિ પણ સાઉથ એશિયા તરીકે ઓળખવામાં આવે છે અને આ ગ્લોબલ ઓળખમાં આપણને એક ઓળખ ઉસ્તાદ પાસેથી મળી છે. તેમની ગાયકીએ શબ્દ, સરહદ, સંગીતના તમામ ભેદને એક બીજામાં ઓગાળી દીધા છે.

એ જમાનો હતો કેસેટ્સનો, પાકિસ્તાનનો રહેમત ગ્રામોફોન હાઉસ. જેણે નુસરત સા'બના મોટાભાગનાં ગીતો રેકોર્ડ કર્યા, અને એ 80-90માં દશકમાં તે કેસેટ્સનું સૌથી હાઈએસ્ટ સેલેર બનવું વાજીબ હતું. હજી પણ આ સ્ટુડિયો પાસે 50 મિનિટના અનરીલીઝડ રેકોર્ડ છે જે કોઈએ નથી સાંભળ્યા! તેમણે પીટર ગેબ્રિયલ, એડી વેડર અને માઈકલ બ્રુક સહિત ઘણા વેસ્ટર્ન મ્યુઝિશ્યન સાથે કામ કર્યું. માર્ટિન સ્કોર્સીસ, ઓલિવર સ્ટોન અને ટિમ રોબિન્સની ફિલ્મોમાં તેમનો અવાજ સાંભળવા મળ્યો. માઈકલ બ્રુક સાથે 1990નું 'મસ્ત મસ્ત' અને 1996નું 'નાઈટ' ગ્રેમી માટે નોમિનેટ કરવામાં આવ્યું હતું. મૃત્યુના 30 વર્ષ પછી પણ ઉસ્તાદની ટાઈમલેસ કવ્વાલીઓ તેના ચાહકોની નવી પેઢીને જોડતી જ રહી છે. એવરેજ 6 મિલીયન લોકો મ્યુઝિક પ્લેટફોર્મ 'સ્પોટીફાય' પર અને YouTube પર 1 બિલિયન જેટલા વ્યૂઝ દર મહિને મળે છે! 2001નાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડ મુજબ 125 કવ્વાલી આલ્બમ રીલિઝ કરવાનો રેકોર્ડ નુસરત સા'બના નામે હતો. ટોકિયોમા સિંગીંગ બુદ્ધા, ટ્યુનેશિયામાં ક્વિન્ટર્સસેન્સ ઓફ હ્યુમન વોઈસ, લોસ એન્જલસમાં ધ વોઈસ ઓફ પેરેડાઈઝ, લંડનમાં ધ સ્પિરિટ ઓફ ઈસ્લામ, પેરિસમાં પાવરોટી ઓફ ઈસ્ટ, લાહોરમાં શહેનશાહ-એ-કવ્વાલી તરીકે ઓળખાતા નુસરત સાબને આખી દુનિયામાં પ્રેમ મળ્યો છે. ઉસ્તાદના ફેન્સ માટે હજી એક મજાની ખુશખબરી છે, તેમના જીવન પર ડોક્યુમેન્ટરી ફિલ્મ હાલ બની રહી છે. 2025ના અંતમાં તેમની બાયોપિક રજૂ થશે.

ભારત સાથેના સંબંધો

ભારત સાથે સંબંધ ઘણો ઘનિષ્ઠ હતો, તેમને એક સપનું આવતું કે તેઓ એક મજાર પાસે બેસી ચોરધાર આંસુએ રડતા ગાઈ રહ્યા છે; એ જગ્યા ક્યાં આવેલી છે ખબર નથી પણ જ્યારે ભારતની એક મસ્જિદમાં તેઓ ગયા ત્યાં પહોંચતા વર્ષોથી સપનામાં જે જગ્યા દેખાતી હતી તે દેખાઈ. એ જગ્યા અજમેર શરીફ અને તો જ્યારે અહીં ગાયુ ત્યારે સાચે રડી રહ્યા હતા! આ પહેલા તેઓ ભારત આવી ચુક્યા હતા, રાજ કપૂરે એમને તેડાવ્યા હતા, રિશી કપૂરના લગ્નમાં ગાવા! નુસરતના તબલા વાદક દિલદાર હુસૈન એક ઈન્ટરવ્યૂમાં જણાવે છે કે, બોલીવુડનાં મોટાભાગના કલાકારો ત્યાં હાજર હતા, અમે રાતે 10 વાગ્યે ગાવાનું શરુ કર્યું સવારે 7 વાગ્યા સુધી ગાતા રહ્યા! ફેમસ 'હલકા-હલકા સુરૂર' અઢી કલાક સુધી ગાયું હતું. બોલીવુડમાં તેમનો અવાજ પહેલી વાર સાંભળવા મળ્યો 1981ની ફિલ્મ નાખુદામાં જેના સંગીતકાર હતા ખૈયામ. 1984માં આવેલી બેન્ડિટ ક્વિનમાં તેમણે સંગીત આપ્યું, કચ્ચે ધાગે, ઔર પ્યાર હો ગયા, કારતૂસ જેવી ભારતીય ફિલ્મમાં તેમના સૂર- સંગીત હતા, જાવેદ અખ્તર સાથેનો 'સંગમ' મ્યુઝિક આલ્બમ વિશે અલગથી વાતો કરવી પડે. દમાદમ મસ્ત કલંદર પરથી બનેલું 'તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત' માટે વિજુ શાહ અને અન્નુ મલિકને ઉસ્તાદે આપેલો 'બેસ્ટ કોપી મ્યુઝિક'ના અવોર્ડને પણ યાદ કરવો પડે. ભારત જ હતું જ્યાં નુસરત પહેલી વાર પાકિસ્તાનની બહાર પર્ફોર્મ કર્યું. તેમની કલાને ભારતે પોંખી છે, પ્રેમ આપ્યો છે. રશ્ક-એ-કમર, આફરીં-આફરીં, જેવા ગીતોથી બોલિવુડમાં ફરી મળેલા નુસરતને આજની મિલેનિયલ પેઢી પોતાના સોશ્યલ મીડિયા પર એક વાર તો એમનો અવાજ સાંભળતી જ હશે. ●

ઈમ્પોસિબલને પોસિબલ કરશે 'ભવ્ય' રીતે જ

એક્ટર્સ લાઈફ

સોની સબનો લોકપ્રિય શો 'પુષ્પા ઈમ્પોસિબલ' પુષ્પા (કરુણા પાંડે) ની પ્રેરણાદાયક સફર સાથે પ્રેક્ષકોને મોહિત કરવાનું ચાલુ રાખે છે, જે એક સ્થિતિસ્થાપક મહિલા છે જે અવિરત નિશ્ચય અને આશાવાદ સાથે પડકારોનો સામનો કરે છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાંથી "ટપ્પુ" ની પ્રતિષ્ઠિત ભૂમિકા ભજવવા માટે જાણીતા ભવ્ય ગાંધીની એન્ટ્રી સાથે પુષ્પા અને તેના પરિવારના જીવનમાં એક નવો ખતરો પ્રવેશે છે. મનોરોગી પ્રતિસ્પર્ધી તરીકેનું તેનું પાત્ર બદલો લેવા અને વિનાશની માંગ કરે છે અને ટપ્પુ તરીકેની તેની અગાઉની નિર્દોષ અને તોફાની ભૂમિકાથી નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે, જે એક અભિનેતા તરીકેની તેની બહુમુખી પ્રતિભા દર્શાવે છે.

વિકૃત સ્વભાવ અને અનિયમિત વર્તન ધરાવતી વ્યક્તિ, પ્રભાસની શાંત વર્તણૂક તેની સૌથી અસ્વસ્થતાવાળી લાક્ષણિકતા છે. તે પોતાનો અવાજ ઉઠાવતો નથી, પરંતુ તેની અંદર એક તણાવ છુપાયેલો છે જે તેની આસપાસનાં લોકોને અસ્વસ્થ બનાવે છે. તે એક ક્ષણે મોહક અને નમ્ર હોઈ શકે છે, પરંતુ તે પછીની ક્ષણે તે ક્રૂર અને નિંદાકારક બની શકે છે. તેની અણધારિતા તેની આસપાસનાં લોકોને ચિંતિત રાખે છે, તેઓ ક્યારેય જાણતા નથી કે તેનો મૂડ ક્યારે બદલાશે. તે અશ્વિનથી બદલો લેવા માંગે છે, જે પ્રભાસ તેની બહેન રાશિને ટ્રોલ કર્યા પછી તેનો સામનો કરે છે. તેની છુપાયેલી ધમકીઓ અને ચાલાકીઓ પુષ્પાના પરિવાર માટે વધુ જોખમો પેદા કરે છે તેમ તણાવ વધે છે. ભવ્ય ગાંધી, જે પુષ્પા ઈમ્પોસિબલમાં પ્રભાસની ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું, "પ્રભાસની ભૂમિકામાં પ્રવેશ કરવો એ મારા માટે આનંદદાયક અનુભવ છે કારણ કે હું પ્રથમ વખત નકારાત્મક પાત્ર ભજવી રહ્યો છું અને આ ભૂમિકા તારક મહેતા કા ઉલ્ટા ચશ્માથી નિર્દોષ ટપ્પુની ભૂમિકા ભજવવાથી ખૂબ જ અલગ છે. પ્રભાસ અનપેક્ષિત અને અત્યંત પરેશાન છે, તે બહારથી શાંત છે, પરંતુ આંતરિક ગડબડ તેને ખતરનાક રીતે આકર્ષક બનાવે છે. હોમ ચેનલ સોની સબ પર આવા જટિલ પાત્ર સાથે ટેલિવિઝન પર પાછા ફરવું મારા માટે અતિ ઉત્તેજક છે." ●

સુપ્રિયા છે જબરદસ્ત, પણ પોતાનામાં મસ્ત

સુપ્રિયા પિલગાંવકર 57 વર્ષની થઈ છે પણ હજુ ગ્રેસફુલ લાગે છે. તેના સૌંદર્યમાં એક સાદગી છે. સચિન જેવા અભિનેતા અને મરાઠી ફિલ્મોના નિર્માતા-દિગ્દર્શકની તે પત્ની છે અને તેની દીકરી શ્રિયા પિલગાંવરકર 'ફેન', 'હાઉસ અરેસ્ટ'થી માંડી 7-8 હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. સુપ્રિયા તેની દીકરી કરતાં વધુ કામ કરવા છતાં ઓછી જાણીતી છે. કારણકે તેણે હિન્દીથી વધુ મરાઠી ફિલ્મોમાં કામ કર્યું છે. જો કે 1994માં તેની 'તુ તુ મેં મેં' ટી.વી. સિરીયલ આવતી અને ખૂબ જ લોકપ્રિય બનેલી. રીમા લાગુ તેમાં સાસુ હતી અને સુપ્રિયા વહુ હતી. રત્ના પાઠક અને રૂપાલી ગાંગુલીએ 'સારાભાઈ વર્સિસ સારાભાઈ'માં સાસુ-વહુ તરીકે જે જલસો કરાવ્યો તેના બહુ પહેલાં રીમા લાગુ અને સુપ્રિયાએ 'તુ તુ મેં મેં' કરી કમાલી કોમેડી કરી હતી. એ સિરીયલના દિગ્દર્શક સચિન જ હતા. સચિને બનાવેલી ફિલ્મોની તે હીરોઈન રહી છે. 'નવટી મીળે નવરાલ્યા', 'અશીહી બનવા બનવી', 'આપત્યાધરાત ઘરોબા', 'નવરા માઝા નવસાચા', 'આમહી સતપૂતે' 'એફુલી એક' જેવી જે ફિલ્મો સચિન બનાવી તેમાં મુખ્ય આધાર સુપ્રિયા જ હતી. સુપ્રિયાની જો કે હિન્દી ફિલ્મો પણ ઓછી નથી. તે 'ખૂબસૂરત'માં સંજય દત્ત, ઊર્મિલા માતોંડકર સાથે હતી. તે 'આવારા પાગલ દિવાના', 'એતબાર', 'તુઝે મેરી કસમ', 'બરસાત'થી માંડી 'ઈશ્કવિશ્ક રિબાઉન્ડ'માં અને હવે 'કહાં શુરુ કહાં ખતમ'માં આવી રહી છે. સુપ્રિયા હિન્દી ફિલ્મોમાં હીરોઈન તરીકે ન આવી શકી એટલે તેની પૂરતી નોંધ ન લેવાઈ શકી અને ચરિત્ર અભિનેત્રીઓની નોંધ લેવાનું લોકોને બહુ ગમતું નથી.

પરંતુ તેની સિરીયલો કાંઈ ઓછી નથી. 1992-93માં તેની ક્ષિતિજ યે નઈ માં આવી હતી અને 'તુ તુ મેં મેં' પછી 'કભી બીવી કબી જાસૂસ', 'તુ તોતા મેં મેના', 'કડવી ખટ્ટી મિઠી', 'બસેરા'થી માંડી 'ઈશ્કબાજ', 'લાખો મેં એક' અને છેલ્લે 'સસુરાલ ગેંદા ફુલ' સહિતની સિરીયલોમાં આવી છે. ઘણા ટી.વી. રિયાલીટી શોમાં તે હોસ્ટ જજ તરીકે પણ આવતી રહે છે. 'નચબલીયે-1' થી 'નચબલીયે'ની ચાર સિઝનમાં તે ગેસ્ટ બની છે. તે મરાઠી નાટકોમાં પણ નિયમિત રહીને કામ કરે છે. વેબસિરીઝ તેણે ફક્ત 'હોમ' જ કરી છે જેમાં અનુ કપૂર સાથે મુખ્ય ભૂમિકા કરેલી. સુપ્રિયા હવે 'બોરીવલી કા બ્રુસલી' ફિલ્મમાં આયેશા ટકિયા, નીલ ભૂપલમ સાથે અને 'આવારા પાગલ દિવાના-2'માં પરમજીત પટેલ તરીકે આવી રહી છે. તે જરા વધુ મોટી, સ્ટ્રાઈકીંગ, નજરે ચડે તેવી ભૂમિકા કરે. કલાકારો આત્મસંતોષી હોય તે ન ચાલે, ઝનૂની હોવા જોઈએ. સુપ્રિયા ખૂબ ટેલેન્ટેડ છે. છતાં જાણે શાંત રહી કામ કરતી રહી છે.

ઓન સ્ક્રિન

નેહા 'મેઘા' તરીકે વરસી રહી છે

નેહા રાણા કે જે હમણાં 'મેઘા બરસેંગે'માં મેઘા ખુરાના તરીકે આવી રહી છે તેની આ બીજી જ મુખ્ય ભૂમિકા છે. નેહાનુ નામ જાણીને પૃચ્છા થઇ કે શું તે સુરતની છે? આવો પ્રશ્ન એટલા માટે કરાયો હતો કે તેની અટક રાણા છે. પણ ખુલાસો થયો કે રાણા અટક તો પંજાબમાં પણ હોય છે ને રાજસ્થાનમાં પણ અને નેહા રાણા પંજાબના લુધિયાણાની છે. મેઘા બરસેંગેથી લોકો ફરી તેને જોઇ રહ્યાં છે પણ અગાઉ ઈશ્ક પર જોર નહીંમાં રિયા મહેતા તરીકે સહુને ગમી જ હતી. જૂનુનિયતમાં ઈલાહી ડોસાંજ તરીકે પણ તેણે તેના નામમાં ચમક ઉમેરેલી. બાકી અભિનયની કારકિર્દીમાં પ્રવેશ્યાને આ ચોથું જ વર્ષે છે. નેહા રાણા થોડા મ્યુઝિક વિડીયોમાં પણ આવી ચુકી છે. શારીબ સાબરીના મ્યુઝિક વિડીયોમાં તે આવેલી અને તે પહેલાં લેફ્ટ રાઈટ ખાસ અને તેરીયાં અખીયાં પણ હતી.

નેહા હોમ ડિલીવરીમાં આવી ત્યારે વધારે સ્પષ્ટ થઇ ગયેલું કે પ્રેમ કહાણીવાળી ટી.વી. સિરીયલોમાં તે એકદમ જામે છે. તેની ભાવપ્રણવ આખો અને યૌવન તે જે પ્રકારની ભૂમિકા કરે છે તેમાં જામે છે. તે આ રીતે દરેક ભૂમિકામાં નવા રંગભરે છે. મેઘા બરસેંગે વિશે વાત કરતા તે કહે છે કે આ પાત્ર ભજવતા હું વિચારું છું કે જો આ પ્રકારના સંજોગોમાં મુકાઇ તો હું શું કરી શકું. આ એક એવું પાત્ર છે. જેના વિશે મેં આ પહેલાં વિચાર્યું નહોતું અને તેથી તેની સાથે શરૂમાં હું જોડાઇ શકતી ન હતી પણ જ્યારે મેં આખી સ્ટોરી અને તેના પાત્રો વિશે જાણ્યું ને પછી હું એ રીતે તેના ખ્યાલોમાં ડૂબી ગઇ કે પછી અભિનય સરળ બની ગયો. મારું આ પાત્ર ઈમોશન્સની અનેક રેંજ ધરાવે છે અને તેમાં તેણે મજબૂત બનવાની જરૂર છે. હું તે પડકાર ઝીલી લઉં છું. મેઘા બરસેંગેની ભૂમિકા 3 અભિનેત્રીઓએ નકારી હતી પછી નેહા પાસે આવી હતી.

નેહા કહે છે કે હું એ નથી વિચારતી કે કોણે આ સિરીયલ નકારી હતી હુ તો એટલું જ વિચારું છું કે મને મળલી ભૂમિકા યોગ્ય રીતે કરી શકું તેમ છું કે નહી. દરેક ભૂમિકા નવી ચેલેન્જ લઇને આવે છે અને ચેલેન્જ ઉપાડો તો તમારી ક્ષમતાનો ય વિકાસ થાય છે. મેઘા બરસેંગે લોકોને ગમી રહી છે એજ મારા માટે આનંદનો વિષય છે. મારી સાથે નીલ ભટ્ટ, કિશુંક મહાજન અને રેંજિતાના કામ પણ પ્રેક્ષકો સુધી પહોંચી રહ્યા છે. અમને બીજું શું જોઇએ?

She રીયલ

HOLLYWOOD News

US ઇલેક્શનમાં સેલેબ્રિટીઝ ઇન્વોલ્વમેન્ટ અને એન્ટરટેઇન્મેન્ટ

દૂર દેશ જ્યાં હોલીવુડ આવેલું છે ત્યાં અત્યારે ફિલ્મ કરતા વધારે એન્ટરટેઇન્મેન્ટ આપતા ઈલેક્શનની તૈયારીઓ ચાલી રહી છે. લોકો દેશના રાષ્ટ્રપતિ માટેના બે મુખ્ય દાવેદારોને ખુલીને સપોર્ટ કરી રહ્યા છે ત્યારે પોતાની તગડી ફેન ફોલોઈન્ગ ધરાવતા હૉલીવુડનાં સેલેબ્રિટીઝે પણ પોતપોતાના નેતા પસંદ કરી લીધા છે. તેમના માટે ખુલીને પોતાનું સમર્થ આપી રહ્યા છે, અને હૉલીવુડ પણ બે પાર્ટીમાં વહેંચાઈ ગયું છે. કોણ કોને સપોર્ટ કરે છે?

ફેમસ એક્ટર મેટ ડેમન, લિન-મેન્યુઅલ મિરાન્ડા, જેન ફોન્ડા, બેન સ્ટીલર, કેથી ગ્રિફીન, ટિફની હેડિશ, ઓલિવિયા રોડ્રિગો, જ્યોર્જ ક્લુની, બાર્બ્રા સ્ટ્રીસેન્ડ, મ્યુઝિશ્યન જોન લિજેન્ડ, ડિરેક્ટર સ્પાઇક લી, એરોન સોર્કિન, કેન બર્ન્સ અને સ્ટાર વોર્સનો હીરો માર્ક હેમિલ અને સૌથી ચર્ચિત બિલિયોનેર સ્ટાર ટેલર સ્વિફ્ટ, ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસના સ્પોર્ટમાં છે, સાથે જ રોબર્ટ ડી નીરો, પોપ સ્ટાર કેશા, ટોની ગોલ્ડવિન પણ હેરિસને સમર્થન આપી રહ્યા છે. આમ પણ મોટા ભાગે સેલેબ્રિટીઝ ડેમોક્રેટિકને સપોર્ટ કરતા જોવા મળે છે.

તો બીજી બાજુ રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પને સ્ટીવ વિન, NFL સુપરસ્ટાર પેટ્રિક માહોમ્સની પત્ની બ્રિટ્ટેની માહોમ્સ, રેસલિંગ લિજેન્ડ હલ્ક હોગન, મ્યુઝિશ્યન કિડ રોક, રેપર અને રિયાલિટી ટીવી સ્ટાર એમ્બર રોઝ, મ્યુઝિક સ્ટાર્સ ક્રિસ જેન્સન અને જેસન એલ્ડિયન, એક્ટ્રેસ રોઝેન બાર, જોન વોઈટે ટ્રમ્પને સમર્થન આપ્યું છે, આમાં સૌથી વધારે ચર્ચા અબજોપતિ એલોન મસ્કના ટ્રમ્પ માટેના સ્પોર્ટની થઈ રહી છે.

હૉલીવુડમાં સેલેબ્રિટીઝ પોલિટિશ્યન માટે એન્ડોર્સમેન્ટ કરતા હોય છે. પાછલી ઘણી ચૂંટણીઓમાં તેમણે પોતાના મનપસંદ નેતાને સપોર્ટ કર્યો છે. આ ઈલેક્શનમાં ટેલર સ્વિફ્ટની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ અને ત્યાર બાદ ટ્રમ્પના ખુલમખુલા ''I hate Taylor Swift'' કહેવાથી 2024 ઈલેક્શનમાં અલગ ડિબેટ ઉભી થઈ છે, આ તરફ એલોન મસ્ક પણ કમલા હેરિસને ક્રિટિસાઈઝ કરતા રહે છે. એમ તો આ સેલેબ્રિટીઝનું ઈન્વોલ્વમેન્ટ પાર્ટીઓને ફંડ રાઈઝિંગ અને થોડા ફોલોવર્સ અપાવવા પૂરતા જ હોય છે પણ સાથેસાથે આવી કોન્ટ્રોવર્સી એન્ટરટેઇન કરતી રહે છે.